પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, તા.૪થી જુલાઇ, ૨૦૨૬

## ૩૯૮.સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિની બેઠક :–

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિની બેઠક સોમવાર, તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૦૨–૩૦ કલાકે સમિતિ ખંડ–૨માં મળી હતી.

ઉક્ત બેઠકમાં માર્ગ અને મકાન વિભાગની ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં, નવમાં, દસમાં અને અગિયારમાં સત્રની કુલ–૧૫૫ ખાતરીઓ તથા ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ અને ચોથા અહેવાલની કુલ–૯ બાકી/શરતી ખાતરીઓ પર સરકારે લીધેલાં પગલાઓની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી.

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં, નવમાં, દસમાં અને અગિયારમાં સત્રની કુલ–૧૫૫ ખાતરીઓ પૈકી ખાતરી ક્રમાંક ૧૪.૮.૩૨૭૯, ૧૪.૯.૩૭૭૧, ૧૪.૧૦.૪૩૯૫ અને ૧૪.૧૦.૪૩૮૬નો શરતી નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે ખાતરી ક્રમાંકઃ ૧૪.૮.૩૨૮૧, ૧૪.૮.૩૩૫૧, ૧૪.૮.૩૩૫૨ અને ૧૪.૮.૩૩૫૩ને પેન્ડિંગ રાખવામાં આવી હતી. ઉક્ત ખાતરી ક્રમાંકો સિવાયની અન્ય તમામ ખાતરીઓનો આખરી નિકાલ કરવામાં આવ્યો હતો.

વધુમાં, ૧૪મી ગુજરાત વિધાનસભાના સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રથમ અહેવાલની બાકી/શરતી ખાતરી ક્રમાંક ૧૨.૯.૧૦૯૯, ૧૨.૧૦.૧૭૫૧ અને ચોથા અહેવાલની બાકી/શરતી ખાતરી ક્રમાંક: ૧૩.૧.૩૭૩, ૧૩.૧.૩૭૮, ૧૩.૧.૩૮૯, ૧૩.૩.૯૪૦, ૧૩.૪.૧૬૨૨, ૧૩.૪.૧૬૪૩ અને ૧૩.૧૦.૪૪૦૯ સંબંધે વિગતવાર તપાસ કરી ઉક્ત તમામ બાકી/શરતી ખાતરીઓનો અંતિમ નિકાલ કરવામાં આવેલ હતો.

સમિતિની બેઠક સાંજના ૪:૨૭ કલાકે પૂર્ણ થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**